Monday
24.08.2026
✳Volume :11 ✳ Issue No.51
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે સિલિગુડી કોરિડોરની સુરક્ષાની સમીક્ષા કરી

## ગૃહ મંત્રીએ સિલિગુડી કોરિડોરમાં હાથ ધરવામાં આવેલા તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સ્થિતિની સમીક્ષા કરી જે તેની સુરક્ષા માટે નિર્ણાયક છે

**શ્રી અમિત શાહે સરહદ સુરક્ષા માટે ચતુષ્કોણીય અભિગમ (quadrangular approach) ની ઔપચારિકતા પર ભાર મૂક્યો હતો અને તમામ એજન્સીઓને તેનો પૂર્ણ ભાવનાથી અમલ કરવા નિર્દેશ આપ્યો હતો**

**સિલિગુડી કોરિડોરને અતિક્રમણ મુક્ત રાખવા માટે પણ સૂચનાઓ આપી હતી**

**પીઆઈઓ (PIO) પ્રવૃત્તિઓ, વસ્તી વિષયક ફેરફારો (demographic changes), ગેરકાયદે ઘૂસણખોરી અને સરહદી બાબતો સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી**

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે સિલિગુડી કોરિડોરની સુરક્ષાની સમીક્ષા કરી હતી, જેમાં એમએચએ (MHA), એમએનઆરટીએચ (MoRTH), આર્મી, બીએસએફ (BSF), એસએસબી (SSB) અને આરપીએફ (RPF) સહિતના કેન્દ્રીય અને રાજ્ય મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ અને ડીજીપીએ ભાગ લીધો હતો.

આ બેઠક, જેમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમાં મલ્ટી એજન્સી સેન્ટરના (MAC) સ્ટેન્ડિંગ ફોકસ ગ્રુપ ઓન સિલિગુડી કોરિડોર (SFG-SC) એ અત્યાર સુધી થયેલી પ્રગતિ અને સિલિગુડી કોરિડોરની સુરક્ષાને વધુ મજબૂત કરવા માટેનીતેની ભલામણો વિશે પ્રસ્તુતિ (presentation) આપી હતી. બેઠકદરમિયાન, કેન્દ્રીય ગૃહ મંત્રીએ સિલિગુડી કોરિડોરમાં હાથ ધરવામાં આવેલા તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સ્થિતિની વધુસમીક્ષા કરી હતી જે તેની સુરક્ષા માટે નિર્ણાયક છે.

તેમણે પીઆઈઓ (PIO) પ્રવૃત્તિઓ, વસ્તી વિષયક ફેરફારો, ગેરકાયદે ઘૂસણખોરી અને સરહદી બાબતો સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે સરહદ સુરક્ષા માટે ચતુષ્કોણીય અભિગમના ખ્યાલ પર ભાર મૂક્યો હતો અને તમામ એજન્સીઓને તેનો પૂર્ણ ભાવનાથી અમલ કરવા નિર્દેશ આપ્યો હતો. કોરિડોરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની વિષમતા પર ભાર મૂકતા શ્રી શાહે ઉપસ્થિત તમામ એજન્સીઓને સમયમર્યાદામાં તમામ પેન્ડિંગ કામો પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉપસ્થિત તમામ એજન્સીઓને તેમની વધુ સંસ્થાઓ સ્થાપીને કોરિડોરમાં તેમની ઉપસ્થિતિ વધારવા નિર્દેશ આપ્યો હતો. તેમણે કોરિડોર પરના તમામ મહત્વપૂર્ણ સ્થાપનોની સુરક્ષાની પણ સમીક્ષા કરી હતી અને તેમને સુરક્ષિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. તેમણે આગળ સિલિગુડી કોરિડોરને અતિક્રમણ મુક્ત રાખવા નિર્દેશ આપ્યા હતા. તેમણે સિલિગુડી કોરિડોરમાં ગેરકાયદેસર ઘૂસણખોરી અટકાવવા માટે તમામ પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને ઉત્તર બંગાળમાં વધુ સૈનિકશાળાઓ ખોલવાની શક્યતાઓ ચકાસવા સૂચન કર્યું હતું. તેમણે મુખ્યમંત્રીને ઉત્તર બંગાળમાં સિનિયર એન્સીસી (NCC) કેડેટ્સની સંખ્યા વધારવાની દિશામાં કામ કરવા પણ કહ્યું હતું. તેમણે રાજ્ય સરકારને સિલિગુડી કોરિડોરમાં સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ્સની સંસ્થાને મજબૂત કરવા માટે પણ વિનંતી કરી હતી.

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉપસ્થિત તમામ એજન્સીઓને તેમની વધુ સંસ્થાઓ સ્થાપીને કોરિડોરમાં તેમની ઉપસ્થિતિ (foOprints) વધારવા નિર્દેશ આપ્યો હતો**

**શ્રી અમિત શાહે સિલિગુડી કોરિડોરમાં ગેરકાયદેસ ઘૂસણખોરી અટકાવવા માટે તમામ પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો**

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારીની ઉપસ્થિતિમાં સિલિગુડી ખાતે પશ્ચિમ બંગાળના પહાડી વિસ્તારોના વિવિધ હિતધારકો અને પ્રતિનિધિઓ સાથે એક બેઠક યોજાઈ

## બેઠક દરમિયાન, પશ્ચિમ બંગાળની પહાડી વસ્તી સંબંધિત તમામ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, અને તેમની ઓળખ, કાયમી રાજકીય ઉકેલ અને ભારતના બંધારણ હેઠળ માન્યતા અંગેની માંગણીઓ હાથ ધરવામાં આવી હતી

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ સમુદાયની અન્ય તમામ માંગણીઓ પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાનું વચન પણ આપ્યું હતું અને કહ્યું હતું કે કેન્દ્ર તરફથી પર્યાપ્ત ભંડોળ તમામ પેન્ડિંગ મુદ્દાઓનું નિરાકરણ સુનિશ્ચિત કરશે**

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારીની ઉપસ્થિતિમાં સિલિગુડી ખાતે પશ્ચિમ બંગાળના પહાડી વિસ્તારોના વિવિધ હિતધારકો અને પ્રતિનિધિઓ સાથે એક બેઠક યોજાઈ હતી. ભારત સરકાર અને રાજ્ય સરકારના વરિષ્ઠ પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકીય પ્રતિનિધિઓ, સાંસદ રાજુ બિસ્તા, સાંસદ હર્ષવર્ધન શ્રૃંગલા, પહાડી ક્ષેત્રના મંત્રી વિશાલ લામા, જીજેએમ (GJM) નેતા બિમલ ગુરંગ, જીએનએલએફ (GNLF) નેતા મન ઘીસિંગ, ધારાસભ્ય ભરત છેત્રી, ધારાસભ્ય સોનમ લામા, ધારાસભ્ય નોમન રાય, સીપીઆરએમ (CPRM) નેતા જેબી રાય, ગોરાનિમો (GoRaNiMo) નેતા દાવા પાખરીન, સુમેતી (Sumtee) નેતા વિકાસ રાય અને અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પશ્ચિમ બંગાળની પહાડી વસ્તી સંબંધિત તમામ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અલગ આળખ, કાયમી રાજકીય ઉકેલ અને ભારતના બંધારણ હેઠળ માન્યતા સંબંધિત તેમની માંગણીઓ હાથ ધરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ભારતના બંધારણના દાયરામાં ટૂંક સમયમાં કાયમી રાજકીય ઉકેલ લાવવાનું વચન આપ્યું હતું. તેમણે સમુદાયની અન્ય તમામ માંગણીઓ પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાનું વચન પણ આપ્યું હતું અને કહ્યું હતું કે કેન્દ્ર તરફથી પર્યાપ્ત ભંડોળ તમામ પેન્ડિંગ મુદ્દાઓનું નિરાકરણ સુનિશ્ચિત કરશે.

ગુરુવારે આખરી ઓપ આપવા માટે, ભારતના બંધારણ હેઠળ પશ્ચિમ બંગાળના પહાડી વિસ્તારોના લોકો માટે કાયમી રાજકીય ઉકેલ તરફ મુસદ્દો તૈયાર કરવામાં આવનાર અંતિમ કરાર અંગેની વિગતોનું આખરી ઓપ આપવા પૂર્વ ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અને વર્તમાન વાર્તાકાર શ્રી પંકજ કુમાર સિંહના નેતૃત્વમાં એક સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વિવિધ સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતા તમામ નેતાઓએ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ અને મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારીનો તેમના સૌહાર્દપૂર્ણ અને ઉદાર અભિગમ માટે આભાર માન્યા આ બેઠક પૂર્ણથઈ હતી.

# સુરત જિલ્લાના કામરેજતાલુકાના ગલતેશ્વર ખાતે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ૭૭મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો

## "એક પેડ મા કે નામ 3.0" અભિયાન હેઠળ ગલતેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં વૃક્ષારોપણ અને લોકજાગૃતિનો સંદેશ

**આવનારી પેઢીને સ્વચ્છ, સ્વસ્થ જીવનની ભેટ આપવા મહત્તમ વૃક્ષારોપણ તેમજ અને પ્રકૃતિ સંરક્ષણ અતિ આવશ્યકઃ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા**

કમલમ્,સુરત
રાજ્યવ્યાપી ૭૭મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ગલતેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો હતો. પવિત્ર તાપી નદીના તટે, ચોમાસાના આહ્લાદક વરસાદી માહોલ અને નયનરમ્ય હરિયાળી વચ્ચે આવેલા શ્રદ્ધાધામ ગલતેશ્વર મહાદેવ મંદિર પરિસર સ્થિત શારદા સાંસ્કૃતિક ભવન હોલ ખાતે સામાજિક વનીકરણ વિભાગ-સુરત અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત વન મહોત્સવમાં "એક પેડ મા કે નામ ૩.૦" અભિયાન હેઠળ મંદિર પરિસરમાં વૃક્ષારોપણકરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ અપાયો હતો. વન સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વનરક્ષકો તેમજ પર્યાવરણનું જતન કરનાર ઉત્સાહી સ્વયંસેવકોનું વિશેષ સન્માન કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

સાથે જ, સામાજિક વનીકરણ વિભાગ, સુરત દ્વારા પ્રકાશિત ખાસ માહિતી પુસ્તિકાનું વિતરણ અહીં ઉપસ્થિત ખેડૂતો, ગ્રામજનોને કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લાના અંતરિયાળ ગામોમાં પણ વિવિધ રોપાઓ મેળવવા અંગેની વિગતવાર માહિતી આ પુસ્તિકામાં પૂરી પડાઈ છે. આ પ્રસંગે મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વન મહોત્સવ અને વનીકરણ પ્રવૃત્તિઓને પર્યાવરણના જતન માટે સમર્પિત કરી છે. ભારત એવો દેશ છે જ્યાં અગ્નિ, પર્વત, વાયુ, જળ, સૂર્ય, ચંદ્ર અને તારાની પૂજા કરવાની પરંપરા છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિનું પૂજન કરીને દરેક ધાર્મિક કાર્ય કરવામાં આવે છે એમ જણાવી જો આપણે પાન-મસાલા ખાઈને ગમે ત્યાં ન થૂંકીએ અને પ્લાસ્ટિકનો કચરો આપણી આસપાસ ન ફેંકીએ, તો પણ તે વન મહોત્સવની સાચી ઉજવણી ગણાશે. તેમણે વધુમાં કહ્યું કે, વૃક્ષો માત્ર ઓક્સિજનના સ્ત્રોત જ નથી, પરંતુ સમગ્ર પર્યાવરણ, જળચક્ર, પશુ-પક્ષીઓ અને વન્ય-માનવજીવન સાથે સીધા જોડાયેલા છે. તેથી વન મહોત્સવ માત્ર એક દિવસની ઉજવણી પૂરતો સીમિત ન રહે, પરંતુ વૃક્ષારોપણ અને વાવેલા વૃક્ષોના ઉછેરનો સંકલ્પ સૌએ લેવો જોઈએ.

આ પણું રાજ્ય ઝડપથી ઔદ્યોગિક પ્રગતિ કરી રહ્યું છે ત્યારે વન વિસ્તાર મર્યાદિત હોવાથી પર્યાવરણીય સમતુલા જાળવવા ઉપલબ્ધ તમામ જમીન પર વ્યાપક વૃક્ષારોપણ કરવાની હાકલ મંત્રીશ્રીએ કરી હતી.

વન મહોત્સવ અંતર્ગત વિવિધ સરકારી યોજનાઓનો લાભ લઈ લોકભાગીદારી દ્વારા વૃક્ષો વાવી તેમનું મમતાપૂર્વક જતન કરવા અપીલ કરી હતી. આવનારી પેઢીને સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું ગુજરાત આપવું હોય તો પાણી બચાવવા, વૃક્ષો વાવવા અને પ્રકૃતિનું સંરક્ષણ કરવું સૌની સામૂહિક જવાબદારી હોવાનું ભારપૂર્વક કહ્યું હતું. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ શ્રી સમીર મોદી, ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવા, સુરત વન વર્તુળના વન સંરક્ષક શ્રી પુનિત નેયર, ભરૂચ વન વર્તુળના વન સંરક્ષક શ્રી આનંદ કુમાર તથા નાયબ વન સંરક્ષક શ્રી મિનલ સાવંત, વન વિભાગના તમામ રેંજના અધિકારી, કર્મચારીઓ, પ્રકૃતિપ્રેમીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) એ સંસ્થાપનોને ૨૯ જૂન ૨૦૨૬ થી અમલમાં આવેલ એમ્પ્લોઈઝ એનરોલમેન્ટ કેમ્પેઈન, 2026 (EEC 2026) નો ઉપયોગ કરવાનો આગ્રહ કર્યો છે, જે ૧ એપ્રિલ ૨૦૦૯ થી ૩૧ માર્ચ ૨૦૨૬ની સમયગાળા દરમિયાન EPF કવરેજની બહાર રહી ગયેલા પાત્ર કર્મચારીઓની નોંધણી કરવા માટે એક વિશેષ વન-ટાઈમ તક પૂરી પાડે છે. આ ઝુંબેશ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ખુલ્લી રહેશે અને તેનો હેતુ માલિકો દ્વારા સ્વેચ્છાએ પાલનને સરળ બનાવવાનો અને પાત્ર કામદારો સુધી પ્રોવિડન્ટ ફંડ, પેન્શન અને વીમાના લાભો પહોંચાડવાનો છે. EEC 2026 હેઠળ, પાત્ર માલિકો એવા કર્મચારીઓની ઘોષણા અને નોંધણી કરી શકે છે જેઓ નિર્ધારિત સમયગાળા દરમિયાન EPF કવરેજમાંથી રહી ગયા હતા અને ઘોષણાની તારીખે જીવંત છે અને સંસ્થાપનમાં રોજગાર ચાલુ રાખે છે. આ ઝુંબેશ ભૂતકાળના પાલનના નિયમિતકરણને સરળ બનાવવા માટે ચોક્કસ છૂટછાટો પૂરી પાડે છે, જેમાં ઝુંબેશની શરતોને આધીન રહીને કર્મચારીનો હિસ્સો જ્યાં અગાઉ કાપવામાં આવ્યો ન હતો તેને માફ કરવાનો સમાવેશ થાય છે. માલિકોએ નિર્ધારિત ઓનલાઈન મિકેનિઝમ દ્વારા નોંધણી અને નાણાં જમા કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. દરેક ઘોષિત કર્મચારી માટે UMANG એપ દ્વારા ફેસ ઓથેન્ટિકેશન-આધારિત UAN જનરેટ કરવાનો રહેશે, અને ઈલેક્ટ્રોનિક ચલણ-કમ-રિટર્ન (ECR) દ્વારા ફાળો જમા કરવાનો રહેશે. આ ઝુંબેશનો હેતુ પાત્ર કર્મચારીઓને વૈધાનિક સામાજિક સુરક્ષા માળખા હેઠળ લાવવા માટે એક સંરચિત મિકેનિઝમ પૂરું પાડીને સંસ્થાપનો અને કામદારોને લાભ પહોંચાડવાનો છે. માલિકોને તેમના રોજગાર અને વેતનના રેકોર્ડની સમીક્ષા કરવા અને નિર્ધારિત સમયગાળા દરમિયાન EPF કવરેજની બહાર રહી ગયા હોય તેવા પાત્ર કર્મચારીઓની ઓળખ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. EPFO માલિકો, કર્મચારીઓ, સંસ્થાપનો, કોન્ટ્રાક્ટરો અને અન્ય હિતધારકો વચ્ચે EEC 2026 ની મુખ્ય લાક્ષણિકતાઓનો પ્રચાર કરવા માટે વ્યાપક જાગૃતિ અને આઉટરીચ પ્રવૃત્તિઓ પણ હાથ ધરી રહ્યું છે.

# વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને ઊર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં વન વિભાગને સંલગ્ન પ્રશ્નોની સમીક્ષા બેઠક યોજાઈ

**હસનાપુર અને વિલિંગ્ડન ડેમમાં જળાશયોમાંથી કાંપ દૂર કરી સંગ્રહ ક્ષમતા વધારવા માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોટવાડિયાની સૂચના**

કમલમ્, જૂનાગઢ

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને તથા ઊર્જા રાજ્યમંત્રી અને જૂનાગઢ જિલ્લાના સહપ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં જૂનાગઢ શહેર અને જિલ્લાના વન વિભાગ સંલગ્ન વિવિધ પ્રશ્નોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જૂનાગઢના સર્કિટ હાઉસ ખાતે આયોજિત આ બેઠકમાં ખાસ કરીને હસનાપુર અને વિલિંગ્ડન ડેમમાં જળાશયોમાંથી કાંપ દૂર કરી સંગ્રહ ક્ષમતા વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સંદર્ભે વન અને પર્યાવરણ મંત્રીશ્રીએ વન વિભાગ તથા મહાનગરપાલિકાના અધિકારીઓને જરૂરી પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જળસંગ્રહ ક્ષમતા વધારવી એ માત્ર પાણીની ઉપલબ્ધતા માટે જ નહી, પરંતુ વન્ય પ્રાણીઓ અને સમગ્ર ઈકોસિસ્ટમ માટે પણ મહત્વપૂર્ણ છે. ગિરનાર ક્ષેત્રમાં આવેલા ચેકડેમોમાંથી પણ કાંપ દૂર કરી જળસંગ્રહ ક્ષમતા વધારવા અંગે બેઠકમાં જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો, જેથી વન્ય પ્રાણીઓને પીવાના પાણીનો સ્રોત ઉપલબ્ધ રહે. જૂનાગઢમાં યોજાતા મહાશિવરાત્રીના મેળા તથા ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ પધારતા હોવાથી તેમની સુવિધા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે ભાવિ આયોજન અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ભવનાથ તળેટી વિસ્તારમાં શ્રદ્ધાળુઓના આવાગમનની સુવ્યવસ્થિત વ્યવસ્થા માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મહાનગર પાલિકા અને વન વિભાગને સાથે મળીને જરૂરી આયોજન કરવા મંત્રીશ્રીએ સૂચના આપી હતી. ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ભાવિકોને અગવડતા ન પડે તે માટે જરૂરી સુવિધાઓ વિકસાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને વનવિસ્તારમાં શૌચાલયની સુવિધા ઉભી કરવા ટોયલેટ બ્લોકની ડિઝાઈન તૈયાર માટેનો પ્રસ્તાવ રજૂ કરવા મંત્રીશ્રીએ સૂચના આપી હતી. વન અને પર્યાવરણ મંત્રીશ્રીએ વન વિભાગ હસ્તકના વિસ્તારો સહિતના સ્થળોએ થયેલા દબાણો દૂર કરવા માટે પણ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ઉપરાંત રસ્તાઓના રિસરફેસિંગ માટે વન વિભાગની એનઓસી સહિતના વિવિધ પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પ્રવાસીઓ માટે વધુ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સવેનિયર શોપ અને ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ વિકસાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ગિરનારની પ્રાકૃતિ દર્શન સાથે ધાર્મિક પર્યટનને પણ વધુ વેગ મળે તે દિશામાં આયોજન કરવા અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા અને ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ મહાશિવરાત્રી મેળા તથા ગિરનાર લીલી પરિક્રમાને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાનું આયોજન કરી ભાવિકોને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રચનાત્મક સૂચનો આપ્યા હતા. ઉપરાંત ગિરનાર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, રેલવે તથા રોડ-રસ્તા સહિતના વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, લાઠી-બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા, ધારાસભ્યશ્રીઓ સવશ્રી દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગટીયા, અરવિંદભાઈ લાડાણી, જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી, ડેપ્યુટી મેયરશ્રી આકાશ કટારા, શાસક પક્ષના નેતાશ્રી મનનભાઈ અભાણી, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, અગ્રણીશ્રી વિપુલભાઈ કાવાણી, અગ્રણીશ્રી પુનિતભાઈ શર્મા, સીસીએફશ્રી રામ રતન નાલા, નાયબ વન સંરક્ષક સવશ્રી મોહન રામ, અક્ષય જોશી, પ્રશાંત તોમર, વિકાસ યાદવ, ચિરાગ અમીન સહિત વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક બાદ વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાની ઉપસ્થિતિમાં ગીર વિસ્તારના હોમ સ્ટે સંચાલકોની રજૂઆતો પણ સાંભળી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, જન પ્રતિનિધિઓ અને ખેડૂતો તરફથી જે રજૂઆતો મળી છે. તેના પ્રત્યે વન વિભાગ અને રાજ્ય સરકારનો હકારાત્મક અભિગમ છે. આ માટે વનવિભાગના અધિકારીઓને જરૂરી સર્વે હાથ ધરવા પણ સૂચના આપી છે.

# ઉર્જા રાજ્ય મંત્રી શ્રી અને જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ સંગ્રહાલયની નવસર્જન પામેલી 'તાજમંઝિલ' ઈમારતનું લોકાર્પણ સમારોહ યોજાયો

**તાજમંઝિલ ખાતે મુલાકાતીઓ યુરોપિયન ગેલેરી, મિનિએચર પેઈન્ટીંગ ગેલેરી, ઓઈલ પેઈન્ટીંગ ગેલેરી, જૂનાગઢની આરઝી હકુમત ગેલેરી આમ વિવિધ તસવીરો નિહાળી શકશે**

કમલમ્, જૂનાગઢ,

ઉર્જા રાજ્ય મંત્રીશ્રી અને જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે તારીખ ૨૨/૦૮/૨૦૨૬ના રોજ જૂનાગઢ સંગ્રહાલયની નવસર્જન પામેલી 'તાજમંઝિલ' ઈમારતનું લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આશરે છેલ્લા એક વર્ષથી જૂનાગઢ સંગ્રહાલય રિનોવેશનના કારણે બંધ હતું. તારીખ ૨૨ ઓગસ્ટથી સરદારબાગ, રાણી લક્ષ્મીબાઈ ચોક, જૂનાગઢ શહેર ખાતે સ્થિત આ ઐતિહાસિક સંગ્રહાલય ફરીથી સર્વે જાહેર જનતા માટે પુનઃ ખુલ્લું મુકવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ રિનોવેશનનો કુલ ખર્ચ રૂ. ૨ કરોડ ૧૪ લાખ થયો છે. જેમાં પ્રદર્શનની કામગીરી ૩ માસમાં જ પૂર્ણ કરવામાં આવી છે. આ સંગ્રહાલયમાં જૂના સમયગાળાના હથિયારો, યુદ્ધ માટેની તોપ, બંદૂક, તલવાર, ભાલા, કટારી, પિત્તળ અને કાંસ્યના વિવિધ ઓજારો, ચાંદીના રસોઈ માટેના વાસણો, જૂનાગઢના નવાબી શાસન સમયગાળા દરમિયાન દૈનિક ઉપયોગમાં લેવાતી વિવિધ કિંમતી વસ્તુઓ, બ્લ્યુ પોટરીના વાસણો, ટેરાકોટાના વિવિધ ફ્લાવર વાઝ, ચાંદીના સૌંદર્ય પ્રસાધનો માટેનો સામાન, લાકડાના કોતરેલા કબાટ, વિવિધ આકર્ષક અરીસા, રંગીન કાચના આકર્ષક ઝુમરો, પાલખી, અંબાડી, ચાંદીના દાગીના, ચાંદીના રમકડાં, પટારા અને પેટીઓ, રંગીન કાચની ક્રોકરી, વિવિધ પ્રકારની છબીઓ આમ અનેકવિધ સરસામાન, હસ્તકળાના ઉત્તમ નમૂના એક જ સ્થળ ઉપર મુલાકાતીઓ ખૂબ જ નજીવા દરે નિહાળી શકે છે. ઉર્જારાજ્યમંત્રીશ્રી અને અન્ય ઉપસ્થિત મહેમાનોના હસ્તે તાજમંઝિલનું લોકાર્પણ લાલ રિબિન કાપીને અને દીપ પ્રાગટ્ય વડે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની યાદીરૂપે માહિતી આપતી તકતીનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉર્જા રાજ્ય મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવો, મુલાકાતીઓએ નવનિર્માણ પામેલા સંગ્રહાલયની મુલાકાત લીધી હતી અને પ્રત્યેક ચીજવસ્તુઓને રસપૂર્વક નિહાળી હતી અને તેના અંગે જાણકારી પણ મેળવી હતી. આ ઉપરાંત તાજમંઝિલ ખાતે નવી ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. જેમાં યુરોપિયન ગેલેરી, મિનિએચર પેઈન્ટીંગ ગેલેરી, ઓઈલ પેઈન્ટીંગ ગેલેરી અને સ્વતંત્રતા સંગ્રામ સમયે જૂનાગઢમાં બનેલી આરઝી હકુમત જેવી નવી ગેલેરીઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, જૂનાગઢના ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, જિલ્લા કલેકટર શ્રી યોગેશ ચૌધરી, જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર શ્રી આઈ.આર.વાળા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.જે.જાડેજા, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી.એસ.બારડ, તાજમંઝિલ સંગ્રહાલયના ક્યુરેટર સુશ્રી શૈફાલી સહિતના વિવિધ પદાધિકારીગણ અને અધિકારીગણ, મુલાકાતીઓ, સંગ્રહાલયના કર્મચારીઓ, ઈતિહાસના રસિકો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# નવસારી જિલ્લા પ્રભારી મંત્રી અને નાણા, શહેરીવિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં આદિજાતિ વિકાસ મંડળની બેઠક મળી

**નવસારી ખાતે યોજાયેલી આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં રૂ.૯૭.૫૩ કરોડના ૧૫૪૫ જેટલા વિકાસ કામોને બહાલી આપવામાં આવી:**

કમલમ્, નવસારી

નવસારી જિલ્લા પ્રભારી મંત્રી અને નાણા, શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષતામાં નવસારી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની વર્ષ-૨૦૨૬-૨૭ની બેઠક કલેકટર કચેરી ખાતે મળી હતી. આ બેઠકમાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રજાની સુખાકારી માટે કરવાના થતા કામો ગુણવત્તાયુકત અને સમયમર્યાદામાં પૂર્ણ થાય એની વિશેષ કાળજી રાખવામાં આવે તેમ નાણામંત્રીએ જણાવ્યું હતું. વધુમાં મંત્રી કહ્યું હતું કે, આદિજાતિ વિકાસ મંડળ દ્વારા મંજૂર કરવામાં આવેલા કામો સમયમર્યાદામાં પુરા થાય એ ખૂબ જરૂરી છે. તમામ અધિકારીઓ પરસ્પર સંકલનમાં રહી કામગીરી કરે એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. આ ઉપરાંત તેમણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને પ્રોત્સાહન મળે તે માટે કાર્ય કરવા તેમજ જે સાધનોની ખરીદી કરવામાં આવે તેની ગુણવત્તામાં કોઈપણ બાંધછોડ કરવામાં ન આવે તે માટેની તાકીદ કરી હતી. બેઠકમાં ૯૬ ટકા વિવેકાધિન જોગવાઈ તથા ૪ ટકા વિવેકાધિન જોગવાઈ હેઠળ રૂ.૯૭.૫૩ કરોડના ૧૫૪૫ જેટલા વિકાસ કામોને બહાલી આપવામાં આવી હતી. બેઠક દરમિયાન ન્યુ ગુજરાત પેટર્ન ૯૬ ટકા વિવેકાધિન જોગવાઈ હેઠળ કૃષિ, પશુપાલન, ડેરી, વનવિકાસ, શિક્ષણ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ગ્રામ્ય વિકાસ, નાની સિંચાઈ, પોષણ, માર્ગ અને પુલો સહિતના રૂ.૯૦.૩૮ કરોડના ૧૩૬૩ કામો મજુર કરવામાં આવ્યા હતા. જેમાં વાંસદાના રૂ.૩૩.૪૬ કરોડના ૫૪૦ વિકાસકામો, ચીખલીના રૂ.૨૭.૭૬ કરોડના ૩૬૨ વિકાસકામો, ખેરગામના રૂ.૯.૭૬ કરોડના ૧૩૭ વિકાસકામો, ગણદેવીના રૂ.૮.૧૧ કરોડના ૧૬૪ વિકાસકામો, નવસારીના રૂ.૯.૩૦ કરોડના ૧૧૮ વિકાસકામો, જલાલપોરના રૂ.૧.૯૮ કરોડના ૪૨ વિકાસકામો મળી કુલ રૂ.૯૦.૩૮ કરોડના ૧૩૬૩ કામો મંજૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ન્યુ-ગુજરાત પેટર્ન ૪ ટકા વિવેકાધિન જોગવાઈ હેઠળ ગણદેવીના રૂ.૩.૪૧ કરોડના ૯૨ કામો, નવસારીના રૂ.૭૩.૬૬ લાખના ૨૪ વિકાસકામો, જલાલપોર તાલુકાના રૂ.૩ કરોડના ૬૬ વિકાસકામો મળી કુલ રૂ.૭.૧૫ કરોડના ૧૮૨ કામોને મંજુર કરવામાં આવ્યા હતા. બેઠકનું સંચાલન કરતા પ્રાયોજના વહીવટદારશ્રી સ્વપ્નિલ સીસલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા કરવામાં આવેલા આયોજનનો ચિતાર રજૂ કર્યો હતો. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેકટરશ્રી મનિષ ગુરવાની, મ્યુ.કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિવિકાસ મંત્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'સમરસ વિદ્યા સેતુ' અભિયાન કાર્યક્રમ યોજાયો હતો

**નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં શરૂ થયેલા કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ ઉત્સવના ૨૫ વર્ષે સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા: નાણા અને શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈ**

**નવસારીમાં 'સમરસ વિદ્યા સેતુ' અભિયાન અંતર્ગત ડ્રોપ આઉટ બાળકોને પુનઃ શિક્ષણના પ્રવાહમાં જોડવા તંત્રના સઘન પ્રયાસો**

**જિલ્લાના ૪,૦૭૩ ડ્રોપ આઉટ બાળકોને ફરી શાળામાં પ્રવેશ કરાવી અભ્યાસ કરતા કરાયા, ૧,૨૦૦થી વધુ યુવાનો ITI અને કૌશલ્ય અભ્યાસક્રમોમાં જોડાયા**

## નવસારી જિલ્લાને ૧૦૦% સાક્ષરતા તરફ લઈ જવા અને ડ્રોપઆઉટ દર શૂન્ય કરવા તંત્ર સજ્જ: આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ

કમલમ્, નવસારી

રાજ્ય સરકાર દ્વારા શાળા શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકોને પુનઃ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉમદા આશય સાથે 'સમરસ વિદ્યા સેતુ' અભિયાનના ભાગરૂપે નવસારીના આંગણે એસ.એસ.અગ્રવાલ કોલેજ ખાતે શિક્ષણ વિભાગ તથા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિવિકાસ મંત્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'સમરસ વિદ્યા સેતુ' અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે, શાળા છોડી ગયેલા બાળકોને પુનઃ શિક્ષણ તરફ વાળવા માટે શિક્ષકો અને વાલીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. વહીવટી તંત્ર અને શિક્ષકોના સઘન પ્રયાસોથી મોટી સંખ્યામાં બાળકો પુનઃશાળામાં અભ્યાસ કરતા થયા છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓનો અભ્યાસ ન અટકે તે માટે સરસ્વતી વિદ્યા સહાય યોજના તેમજ ધોરણ ૯થી ૧૨માં ભણતી દીકરીઓ માટે 'નમો લક્ષ્મી યોજના' અને 'નમો સરસ્વતી યોજના' જેવી અનેક યોજનાઓ અમલીત બનાવી છે. તેમણે કહ્યું કે તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં શરૂ થયેલા કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ ઉત્સવના ૨૫ વર્ષે સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે ભૌતિક સુવિધાઓ અને ઝડપી વિકાસના આ યુગમાં આજે આપણે શૂન્ય ટકા ડ્રોપઆઉટ દરની અત્યંત નજીક પહોંચ્યા છીએ. વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ ઉત્સવની શરૂઆત કરી હતી. આજે અઢી દાયકા બાદ તેના ઉત્કૃષ્ટ પરિણામો રાજ્યભરમાં જોવા મળી રહ્યા છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, સામાજિક મજબૂરીઓ, પરિવારનું સ્થળાંતર કે સિઝનલ રોજગારી જેવા કારણોસર કેટલાંક બાળકો અભ્યાસ અધૂરો છોડી દેતા હોય છે. ખાસ કરીને ખેતીકામ કે શ્રમ અર્થે અન્ય વિસ્તારોમાં જતા પરિવારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગના કર્મયોગીઓ આવા બાળકોને શોધી શોધીને પુનઃ શાળાએ લાવવાનું સરાહનીય કાર્ય કર્યું છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. પૂરના કારણે અસરગ્રસ્ત થયેલી શાળાઓમાં નવા પાઠ્યપુસ્તકો તથા કમ્પ્યુટર લેબ્સને નુકસાન થયું છે તેને પણ તાત્કાલિક કાર્યરત થાય તે માટે પણ શિક્ષણ વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. નવસારી જિલ્લાનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેના સહિયારા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો. આ અવસરે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એમ. અગ્રવાલે સમરસ વિદ્યા સેતુ' અભિયાનના મુખ્ય ઉદ્દેશ્યોની વિગતો આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪ થી ૫ મહિનામાં શિક્ષણ વિભાગ અને અન્ય વિવિધ વિભાગોના સંકલનથી નવસારી જિલ્લાના નોંધાયેલા ડ્રોપ આઉટ બાળકો પૈકી ૪,૦૭૩ બાળકોને સફળતાપૂર્વક પુનઃ શાળા શિક્ષણમાં લવાયા છે. આ ઉપરાંત ૧,૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને તથા કૌશલ્યવર્ધક અભ્યાસક્રમો સાથે જોડવામાં આવ્યા છે. બાકી રહેલા ડ્રોપ આઉટ બાળકોને પણ આગામી સમયમાં ખાસ ઝુંબેશ હાથ ધરી ઘરે-ઘરે જઈને પુનઃશાળામાં પ્રવેશ માટેના પ્રયાસો કરવામાં આવશે. આ અવસરે મંત્રીશ્રીઓ તથા અધિકારી-પદાધિકારીઓના હસ્તે જે બાળકોએ પુનઃપ્રવેશ મેળવ્યો છે તેમને સ્કુલ બેગ તથા આ કાર્યમાં જોડાયેલા શિક્ષકોને સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાચિયા, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા ક્લેક્ટરશ્રી મનિષ ગુરવાની, મ્યુ.કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, જિલ્લા શિક્ષણાધિકારી ચૌધરી, અગ્રણી મુકેશ અગ્રવાલ, ચિતલબેન સોની, પિયુષ દેસાઈ, મયુરીબેન દેસાઈ, અસ્મિતાબેન પટેલ, અધિકારીઓ-પદાધિકારીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

**વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળની વિવેકાધીન જોગવાઈ હેઠળ અંદાજિત રૂ.૪૩૦૦.૦૪ લાખથી વધુના કુલ ૧૨૯૬ વિકાસ કામોના આયોજનને સર્વાનુમતે મંજૂરી અપાઈ**

કમલમ્, ભરૂચ

જિલ્લા આયોજન ભવન ખાતે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ વિભાગના અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળ અને ટ્રાયબલ સબ પ્લાન કચેરી હેઠળ આદિજાતિ વિકાસ મંડળની બેઠક મળી હતી. વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળની વિવેકાધીન જોગવાઈ હેઠળ અંદાજિત રૂ.૪૩૦૦.૦૪ લાખથી વધુના કુલ ૧૨૯૬ વિકાસ કામોના આયોજનને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. ગુજરાત પેટર્ન યોજના વર્ષ : ૨૦૨૬ - ૨૦૨૭ના આયોજનની બેઠકમાં ગુજરાત પેટર્ન ૯૬% (પ્રાયોજના વિસ્તાર)ની જોગવાઈ રૂ. ૩૫૪૮.૭૭ લાખની સામે ૯૫૬ કામોનું રૂ.૪૦૧૭.૨૪ લાખનું આયોજન મંજુર કરવામાં આવ્યું. તથા ગુજરાત પેટર્ન ૪% (છુટાછવાયા વિસ્તાર)ની જોગવાઈ રૂ.૭૫૧.૨૭ લાખની જોગવાઈ સામે ૮૮૯.૬૯ લાખની આયોજન સર્વાનુમે મંજુર કરવામાં આવ્યુ હતું. આ બેઠકમાં મંત્રી શ્રી જણાવ્યું હતું કે, રાજ્યસરકાર સર્વે વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને દરેક વિકાસના કામ સમયમર્યાદામાં ગુણવત્તાસભર થાય તે ખૂબ જ આવશ્યક છે. સરકારી કામો સાથે ગરીબ લોકો માટેના કામોમાં ગુણવત્તા જાળવવી ખૂબ જ જરૂરી છે. જ્યાં સરકારી યોજનાઓનો લાભ નથી મળી રહ્યો એવા વિસ્તારોમાં અને જે લોકો પાસે રહેઠાણના આધાર-પુરાવા કે દાખલા નથી, તેમના માટે આપણે પ્રાંત અધિકારી, તલાટી-મંત્રી અને સ્થાનિક ટીમ સાથે મળીને વિશેષ કેમ્પ યોજવા જણાવ્યું હતું અને જરૂરીયામંદ અને પાત્રતા ધરાવતા તમામ લોકોને આવાસ યોજનાનો લાભ ઝડપથી મળે તે માટે સક્રિયતાથી કામ કરવાની જરૂર છે. વિકાસકામોની ગુણવત્તા જાળવવા માટે જીઓ-ટેગિંગ (Google PhOos) વાળા ફોટોગ્રાફ અને વિકાસકામોનું નિરીક્ષણ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. દરેક અધિકારીએ દર ૧૫ થી ૨૦ દિવસે પોતાના હાથ નીચેના કર્મચારીઓ સાથે બેઠક કરીને જરૂરી સૂચનાઓ આપવી જોઈએ, જેથી કામ સમયસર પૂરું થાય. સમય જતાં ગ્રાન્ટના બદલાતા ભાવ અને રોડના સ્ક્વેર મીટરના કેલ્ક્યુલેશન જેવા પ્રશ્નો ઊભા ન થાય તે માટે આયોજનબદ્ધ કામ થવું જોઈએ. આ સાથે, આગામી સમયમાં તમામ ખાડાઓ-રસ્તાઓ સાફ થઈ જાય અને રસ્તા સુધરી જાય તેવું પ્લાનિંગ કરવા કામની ક્વોલિટી (ગુણવત્તા) પર ખાસ ધ્યાન આપવા અને આવાસ યોજના જેવા તમામ પ્રજાલક્ષી કામો ઝડપથી અને પૂરી ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે સરકારની પ્રાથમિકતા છે. તેમણે જિલ્લામાં પ્રજાલક્ષી કાર્યોને મહત્તમ રીતે આવરી લેવાની સાથે સામૂહિક વિકાસના કામોને અગ્રતા આપવાની હિમાયત કરી હતી. આ સાથે જ મંત્રીશ્રીએ પ્રગતિ હેઠળના તમામ કાર્યોને ઝડપભેર પૂર્ણ કરવાની તાકીદ પણ કરી હતી. આ તકે, જિલ્લા આયોજન કચેરી અને જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન તૈયાર કરવામાં આવેલ 'વિકાસ વાટિકા' પુસ્તકનું વિમોચન પ્રભારી મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીને ધારાસભ્યશ્રી રિતેશ વસાવા અને અરૂણસિંહ રણા તરફથી રચનાત્મક સૂચનો સહ રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠકમાં, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ડીમ્પલબેન રાજ, ધારાસભ્ય સવેશ્રી રિતેશ વસાવા, રમેશ મિસ્ત્રી, અરૂણસિંહ રણા, ડી.કે સ્વામી, જિલ્લા ક્લેક્ટર શ્રી નવનાથ ગવ્હાણે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસે, પ્રાયોજના વહીવટદારશ્રી, જિલ્લા આયોજન અધિકારીશ્રી, તેમજ તમામ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, અમલીકરણ અધિકારીશ્રીઓ, જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં 'CIDSCON 2026' નો ભવ્ય પ્રારંભ: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે ૧૬મી વાર્ષિક પરિષદનું ઉદ્ઘાટન

**CIDSCON 2026માંથી પ્રાપ્ત નૂતન જ્ઞાન અને આધુનિક સંશોધનોનો ઉપયોગ તબીબો પોતાના કાર્યક્ષેત્રમાં દર્દીઓની વધુ ઉત્કૃષ્ટ અને અસરકારક સારવાર માટે કરશે :- આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા**

## આરોગ્ય મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે 'Antimicrobial stewardships program' પુસ્તકનું વિમોચન



**જ્યારે ડ્રગ રેઝિસ્ટન્સ અને જટિલ બીમારીઓની વાત આવે, ત્યારે તબીબોની વિશેષ કુશળતા સામાન્ય નાગરિકોના જીવનમાં મોટો સકારાત્મક બદલાવ લાવી શકે છેઃ ડો. સુબ્રમણ્યન સ્વામીનાથન**

કમલમ્,

વિશ્વભરમાં ઝડપથી ફેલાઈ રહેલા ચેપી રોગો અને એન્ટિબાયોટિક્સને બેઅસર બનાવતા એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ છઠ્ઠીના સાયલન્ટ ખતરા સામે લડવા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે તબીબી જગતનું વૈજ્ઞાનિક મંથન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ક્લિનિકલ ઈન્ફેક્શિયસ ડિસીઝ સોસાયટી-CIDS દ્વારા આયોજિત ૧૬મી વાર્ષિક પરિષદ 'Clinical Infectious Diseases Society Conference-CIDSCON 2026' નું ઉદ્ઘાટન આજે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદની મુખ્ય થીમ "Addressing AMR: From Awareness to Action રાખવામાં આવી છે. નાના ક્લિનિક્સ અને તબીબો દ્વારા નાની-મોટી બીમારીઓમાં હાઈ-ડોઝ કે વધારે પાવરવાળી એન્ટીબાયોટીક્સ લખવાના વલણ પર ગંભીરતા વ્યક્ત કરતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, એન્ટીબાયોટીક્સનો આડેધડ વપરાશ ભવિષ્યમાં જનસ્વાસ્થ્ય માટે મોટો ખતરો બની શકશે આ સમસ્યાના નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં એલોપેથિક, આયુર્વેદિક અને હોમિયોપેથિક સહિત તમામ તબીબી પદ્ધતિના ડોક્ટરોને સાંકળીને રાજ્યવ્યાપી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો સંદર્ભ આપતા મંત્રી શ્રી પાનશેરીયાએ જણાવ્યું હતું કે, તબીબી સલાહ વિના જાતે દવાઓ લેવાની ટેવના કારણે ન્યુમોનિયા અને યુરીનરી ઈન્ફેક્શન જેવા સામાન્ય રોગોમાં પણ એન્ટીબાયોટીક્સ દવાઓની અસર મનુષ્યના શરીરમાં ઘટી રહી છે. દર્દીઓ એન્ટીબાયોટીક્સ કોર્સ અધૂરો ન છોડે તે માટે તેમને જાગૃત કરવા ડોક્ટરોને મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ આહ્વાન કર્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, એન્ટીમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ સામેની લડાઈ એ માત્ર આરોગ્ય વિભાગ પૂરતી સીમિત નથી, પરંતુ રાજ્યના તમામ તબીબો, હોસ્પિટલો, ફાર્માસિસ્ટ્સ અને પ્રત્યેક નાગરિકની સહિયારી જવાબદારી છે. હોસ્પિટલોમાં 'એન્ટીમાઈક્રોબાયલ સ્ટેવાર્ડશિપ' અને ઈન્ફેક્શન કંટ્રોલ સિસ્ટમને વધુ મજબૂત બનાવવી આજના સમયની મુખ્ય જરૂરિયાત છે. રાજ્યમાં રોગોના આંતોતરા નિયંત્રણ માટે 'ગુજરાત સ્ટેટ AMR સર્વેલન્સ નેટવર્ક' અને 'AMR ડેશબોર્ડ' જેવા આધુનિક ડિજિટલ માધ્યમો દ્વારા પૂર્વ-ચેતવણી સર્વેલન્સ તથા પ્રયોગશાળા આધારિત મોનિટરિંગને વધુ સઘન અને અસરકારક બનાવવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક તંદુરસ્તીની અગત્યતા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોરોના જેવા વૈશ્વિક કટોકટીઓ અને આધુનિક જીવનશૈલીના તણાવ વચ્ચે માનસિક રીતે મજબૂત બનવું ખૂબ જરૂરી છે.

વર્તમાન સમયમાં ડિપ્રેશન અને માનસિક તણાવ જેવી ગંભીર સમસ્યાઓ સામે જાગૃતિ કેળવીને તેનો યોગ્ય સામનો કરવો એ અત્યંત આવશ્યક છે. આરોગ્ય મંત્રીશ્રીએ એવી આશા અને વિશ્વાસ વ્યક્ત કર્યા હતા કે, આ પરિસંવાદમાંથી પ્રાપ્ત થયેલ નૂતન જ્ઞાન અને આધુનિક સંશોધનોનો ઉપયોગ તબીબો પોતાના કાર્યક્ષેત્રમાં દર્દીઓની વધુ ઉત્કૃષ્ટ અને અસરકારક સારવાર માટે કરશે. અંતમાં, મંત્રીશ્રીએ આવી સફળ અને ઉત્કૃષ્ટ કોન્ફરન્સના સુચારુ આયોજન બદલ સમગ્ર આયોજક ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે CIDS ના પ્રમુખ ડો. સુબ્રમણ્યન સ્વામીનાથન જણાવ્યું હતું કે, આજે ઈન્ફેક્શિયસ ડિસીઝ શ્રા માટે આટલું મહત્વનું છે, તેનું એક ઉદાહરણ એ છે કે તાજેતરમાં જ ૧૧ વર્ષથી એક ગંભીર અને રેઝિસ્ટન્ટ ઈન્ફેક્શનથી પીડાતી દર્દી અમારી પાસે આવી હતી, જે અનેક જગ્યાએ સારવાર કરાવીને થાકી ચૂકી હતી. અમારા ક્લિનિકલ ફાર્માકોલોજિસ્ટે ખાસ દવા તૈયાર કરીને તેમની સારવાર કરી. આ દર્દી સંપૂર્ણપણે સ્વસ્થ થઈને હસતાં મુખે મળવા આવ્યા, જે દર્શાવે છે કે જ્યારે ડ્રગ રેઝિસ્ટન્સ અને જટિલ બીમારીઓની વાત આવે છે, ત્યારે આપણી વિશેષ કુશળતા સામાન્ય નાગરિકોના જીવનમાં મોટો સકારાત્મક બદલાવ લાવી શકે છે. ડો. સ્વામીનાથને ઉમેર્યું કે, CIDS નીતાકાત આપણા વરિષ્ઠ માર્ગદર્શકો છે, જેમણે છેલ્લા ૨૦ વર્ષોમાં નિઃસ્વાર્થપણે પોતાનો સમય અને માર્ગદર્શન આપીને આ સંસ્થાને આ સ્તરે પહોંચાડી છે નવી પેઢીના તબીબો ખૂબ ભાગ્યશાળી છે કે તેમને આવા દિગ્ગજોના સાથ મળ્યો છે. ભવિષ્યને વધુ ઉજ્જ્વળ બનાવવા માટે માઈક્રોબાયોલોજી, ફાર્મસી, નર્સિંગ, પબ્લિક હેલ્થ અને એડમિનિસ્ટ્રેશન જેવા તમામ વિભાગોએ સાથે મળીને સહયોગથી કામ કરવું પડશે. ઉદ્ઘાટન સમારોહમાં સ્વાગત પ્રવચન આપતાં આર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. અતુલ પટેલે જણાવ્યું હતું કે, આજે ચેપી રોગ સતત પરિવર્તિત થઈને તબીબી જગત સમક્ષ ગંભીર પડકારો સર્જી રહ્યા છે. માનવ, પ્રાણી અને પર્યાવરણનું સ્વાસ્થ્ય પરસ્પર જોડાયેલું હોવાથી 'વન હેલ્થ'નો વિચાર અનિવાર્ય બન્યો છે. આ સ્થિતિમાં અન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ-છઠ્ઠી હવે કોઈ કાલ્પનિક ખતરો નથી, પરંતુ આપણી રોજિંદી ક્લિનિકલ પ્રેક્ટિસની એક કઠોર વાસ્તવિકતા બની ચૂક્યો છે. ડૉ. પટેલે વધુમાં કહ્યું હતું કે, જટિલ સર્જરીઓ અને કેન્સર ઈમ્યુનોથેરાપી જેવા આધુનિક તબીબી વિજ્ઞાનના અદ્યતન સંશોધનોની અન્ટિબાયોટિક્સની નિષ્ફળતાને કારણે જોખમમાં મુકાઈ શકે છે. આ જ કારણોસર આ પરિષદની મુખ્ય થીમ 'AMR: જાગૃતિથી અમલીકરણ તરફ' રાખવામાં આવી છે. તબીબોએ અન્ટિબાયોટિક્સ લખતાં પહેલાં સચોટ નિદાન કરવું, માઈક્રોબાયોલોજી સેવાઓ સુદૃઢ કરવી, યોગ્ય માત્રા અને સમયગાળા માટે જ સાચી દવા આપવી તથા ચેપ નિવારણ પર વધુ ભાર મૂકવો જોઈએ. આ પરિષદ માત્ર જ્ઞાનની આપ-લે પૂરતી સીમિત ન રહેતાં પ્રચલિત પદ્ધતિઓનું પુનઃમૂલ્યાંકન કરવા, નવા સંશોધનો રજૂ કરવા અને હૉસ્પિટલ તેમજ સમાજ માટે વ્યવહારુ ઉકેલો શોધવાનું સબળ માધ્યમ બનશે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી સહિત મહાનુભાવો દ્વારા 'Antimicrobial stewardships program' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડૉ. સુરભિ મદને ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સહભાગીઓનો આભાર માન્યો હતો. આ પરિષદમાં CIDS ના સેક્રેટરી ડૉ. નેહા ગુપ્તા, ટ્રેઝરર ડૉ. કવિથા, સાયન્ટિફિક ચેરપર્સન ડૉ. તનુ સિંઘલ, કો-આર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. હર્ષ તોશનીવાલ સહિત અધિકારી-કર્મચારીઓ, ભારત ઉપરાંત અમેરિકા અને સિંગાપોર જેવા દેશોના નામાંકિત ઈન્ફેક્શિયસ ડિસીઝ સ્પેશિયાલિસ્ટ્સ, અગ્રણી સંશોધકો, માઈક્રોબાયોલોજિસ્ટ્સ અને ફિઝિશિયન્સ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બનેલી મહિલા તબીબ સાથે ગેરવર્તણૂકની ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી

**આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ પીડિત મહિલા તબીબ સાથે ટેલિફોનિક વાતચીત કરી ન્યાય અને સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપી**

કમલમ્,

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મહિલા તબીબ સાથે થયેલી ગેરવર્તણૂકની ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરકાર મહિલાઓની સુરક્ષા, સન્માન અને અધિકારોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે. આ ઘટના સંદર્ભે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા આરોગ્ય વિભાગને સ્પષ્ટ આદેશ આપ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં જ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ પીડિત મહિલા તબીબ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. તેમણે મહિલા તબીબની હિમત વધારવાની સાથે તેમને ન્યાય અને સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનું આશ્વાસન આપ્યું હતું. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, સરકારી હોસ્પિટલોમાં મહિલા કર્મચારીઓ અને તબીબોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના આદેશથી રાજકોટની આર.ઝેડ. હોસ્પિટલના ડૉ. અશ્વિન રામાણીની પંચમહાલ જિલ્લાના વાવડીકલી સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે બદલી કરવામાં આવી છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, રાજ્યની આરોગ્ય સેવાઓમાં કાર્યરત દરેક મહિલા કર્મચારી અને તબીબની સુરક્ષા એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રાજ્ય સરકાર દ્વારા કાર્યસ્થળે કોઈપણ પ્રકારની ગેરવર્તણૂક કે અયોગ્ય વર્તનને બિલકુલ સહન કરવામાં આવશે નહીં. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, મહિલા તબીબો સમાજને આરોગ્યસેવા પૂરી પાડવામાં અત્યંત મહત્વપૂર્ણ યોગદાન આપે છે તેમની સાથે સન્માનપૂર્ણ અને સુરક્ષિત કાર્યસ્થળ જળવાઈ રહેતે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ ઘટનામાં સંડોવાયેલા સિનિયર તબીબ સામે નિયમો અનુસાર જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સુરક્ષિત, સન્માનજનક અને હકારાત્મક કાર્યકારી વાતાવરણ સુનિશ્ચિત કરવા જરૂરી દિશાનિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારનો સ્પષ્ટ અભિગમ છે કે, મહિલા કર્મચારીઓ અને તબીબોના ગૌરવ તેમજ સન્માન સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. આવી ગેરવર્તણૂક ક્રિયામાં દોષિત ઠરનાર વ્યક્તિ સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે.

# ભરૂચ જિલ્લા પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને જે.પી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે 'સમરસ વિદ્યા સેતુ અભિયાન'નું ઉદ્ઘાટન કરાયું

**શાળા છોડી ગયેલા બાળકો માટે ભરૂચ વહીવટી તંત્રની પહેલ : સમરસ વિદ્યા સેતુ અભિયાન હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકો અને સંસ્થાઓનું સન્માન**

**જિલ્લામાં ચાર હજાર જીવન યુ-ટર્ન લઈને ઉજ્જ્વળ ભવિષ્યને માર્ગે - આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ અને જિલ્લા પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા**

કાશ્મીરથી કન્યાકુમારી સુધી વિવિધ ભાષાઓ અને પ્રાંતો હોવા છતાં, શિક્ષણની અને શિક્ષકના હૃદયની ભાષા. એક જ છે. - જિલ્લા પ્રભારીમંત્રીશ્રી

કમલમ્ ભરૂચ,

શાળા છોડી ગયેલા (DROP OUT) બાળકોને શોધી, તેમને શિક્ષણ સાથે જોડવા માટેના મહત્વકાંક્ષી પ્રયાસ એટલે સમરસ વિદ્યા સેતુ અભિયાન. ભરૂચ જિલ્લામાં આ અભિયાનના ઉદ્ઘાટન સમારંભમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ મંત્રી શ્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા ના અધ્યક્ષસ્થાને જે.પી. આર્ટસ અન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ સ્થિત શ્રી અતુલા નંદજી ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સ્વાતિબા રાઓલ સ્વાગતપ્રવચન કરી સમરસ વિદ્યા સેતુ અભિયાન વિશેના ફ્રેમ-૦૧ની વાત કરીને કાર્યક્રમનો ઉદ્દેશ્ય સાથે શિક્ષકો, અધિકારીશ્રીઓ ક્લેલી કામગીરીને બિરદાવીને તમામ મહાનુભાવોનું અભિવાદન કરીને આવકાર્યા હતા. આ પ્રસંગે, બાળકોને પુનઃ શાળામાં પ્રવેશ આપવાન ઉત્કૃષ્ટ કાર્ય કરનાર શિક્ષકો, વિવિધ પ્રકારની મદદ પૂરી પાડતી વિવિધ સામાજિક સંસ્થાઓ, કંપનીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ જંબુસર તાલુકાના ૨૫ જેટલા બાળકોને શાળાએ જવા-આવવા માટે પ્રતિકાત્મક રીતે સાયકલની ચાવી અર્પણ આપવામાં આવી હતી. સમરસ વિદ્યા સેતુ અભિયાન ના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિતોને સંબોધતા પ્રભારી મંત્રીશ્રી એ જણાવ્યું કે, સમગ્ર ભરૂચ વિસ્તારનો સૌથી મહત્વનો અને ક્રાંતિકારી આજનો કાર્યક્રમ છે. સરકારના શિક્ષણ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર, ભરૂચ દ્વારા શાળા છોડી ગયેલા બાળકોને શોધીને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે સમરસ વિદ્યા સેતુ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અને ચાલુ વર્ષે જેમણે શાળા છોડી તેવા ૪,૦૦૦ બાળકોને પુનઃ શિક્ષણની મુખ્યધારામાં લાવવા, એનાથી મોટી ક્રાંતિ કેવિકાસનું બીજું પરિણામ શું હોઈ શકે એમ ભાર પૂર્વક જણાવ્યું હતું. પાયાના બેઝ પર બંધારણ બચાવવાનો જો કોઈ શ્રેષ્ઠ કાર્યક્રમ હોય, તો તે આ શિક્ષણ અને શાળા પ્રવેશનો કાર્યક્રમ છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભઈ મોદીના મગજમાં ઘણાજ સર્વાંગી વિકાસની વાત આવી, ત્યારે તેના મૂળમાં શિક્ષણ હતું.

એક સમય હતો જ્યારે રાજ્યમાં ૧૮ થી ૨૦ ટકા ડ્રોપ-આઉટ રેશિયો હતો, બાળકો પ્રાથમિક શાળા છોડીને જતા રહેતા હતા. અને આજે આપણે એડ્રોપ-આઉટ દરઘટાડીને ૧.૦ ટકા સુધી લાવી શક્યા છીએ. આજે ગુજરાત માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને આપણા શિક્ષણ મંત્રીશ્રીઓના રસપ્રદ પ્રયાસોથી ગામડે-ગામડે શિક્ષણનો યજ્ઞ ચાલી રહ્યો છે જે બાળકોએ કોઈ કારણસર શાળા છોડી દીધી હતી, એમને ફરીથી જ્ઞાનના યજ્ઞમા પ્રજ્વલિત કરવામાં આવી રહ્યા છે. બાળકોનું ભવિષ્ય અને સર્વસમાવેશી શિક્ષણ સુનિશ્ચિત કરવા સરકારના અવિરત પ્રયાસથી છેવાડાના માનવી સુધી શિક્ષણનો ઉજાસ પહોંચી રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રનો એક નાગરિક પણ જો અશિક્ષિત રહે તો તે સમાજને પોષાય નહીં. જ્ઞાન પ્રાપ્ત થશે તો જ માણસ સાચું, સાહું અને સાત્વિક જીવન જીવી શકશે. એટલા માટે જ ગીતમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને વારવાર કહ્યું હતું: "હે અર્જુન, તું જ્ઞાની બન." સંસ્કારમાં પરિસ્થિતિઓ બદલાતી રહશે, પણ જ્ઞાન એ સર્વોપરી છે. આપણી ભારતીય સંસ્કૃતિએ આખી દુનિયાને એક વૈશ્વિક નારો આપ્યોછે 'વસુધૈવ કુટુંબક'—સમગ્ર દુનિયા આપણો પરિવાર છે અને માનવતા આપણો ધર્મ છે. માત્ર ધર્મ કે જ્ઞાતિના વાડામાં બંધાઈ રહેવાથી રાષ્ટ્રનો વિકાસ ન થાય.સાચો વિકાસ શિક્ષણથી જ શક્ય છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે - "અર્ધનિર્વિકલ્પા નિરાકાર રૂપો, ચિદાનંદ રૂપ: શિવોહમ્ શિવોહમ્". બાળપણથી જ શુદ્ધિ અને સંસ્કાર આપવાનું કામ શિક્ષણ કરેછે. આજે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ૨૦૪૭નું વિકસિત અને સંસ્કારી ભારત નિર્માણ કરવાની દિશામાં આપણેઆગળ વધી રહ્યા છીએ. વૈશ્વિક મંચ પરથી તેમણે ૧૨૫ કરોડ દેશવાસીઓને પોતાનો પરિવાર ગણાવીને "વસુધૈવ કુટુમ્બકમ્"ના નારાને સાર્થક કર્યો છે. તેમણે કહ્યું કે, આવો, આપણે સૌ સાથે મળીને જ્ઞાન અને શિક્ષણના આ દીપકને પ્રજ્વલિત રાખીએ અને વસાવા, જંબુસર મત વિસ્તારના ધારાસભ્ય શ્રી ડી. કે. સ્વામીએ, તેમજ ભરૂચના ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી એ પણ કાર્યક્રમ અનુચિત પ્રાંગોચિત ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેન રાજ, ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વે શ્રી રમેશભાઈ મિસ્ત્રી, શ્રી રિતેશભાઈ વસાવા, ડી.કે.સ્વામી તથા જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતિ કમિશાબેન પટેલ, નગર પાલિકા શિક્ષણ સમિતિના ચેરમેન, જિલ્લા કલેક્ટર શ્રી નવનાથ ગવ્હાણે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ કાપસે, જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતિ સ્વાતિબા રાઓલ, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, જિલ્લા વહીવટી તંત્ર, ભરૂચ શિક્ષણ વિભાગના અધિકારીઓ, શિક્ષકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દિકરીના ઘરે પહોંચી માતાને શિક્ષણનું મહત્વ સમજાવી પ્રભારી મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ દિકરીને પુનઃ શાળામાં પ્રવેશ કરાવ્યો

**ભરૂચમાં ૪,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં સફળતા : મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા**

કમલમ્ ભરૂચ,

રાજ્ય સરકારના "બેક ટુ સ્કૂલ અભિયાન" અંતર્ગત "સમરસ સેતુ વિદ્યા અભિયાન" હેઠળ ભરૂચ જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. વિવિધ કારણોસર ધોરણ ૧ થી ૧૨ વચ્ચે અભ્યાસ છોડી ચૂકેલા આશરે ૪,૦૦૦ દીકરા-દીકરીઓને પુનઃ શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં સફળતા મળી છે. ભરૂચ ખાતે શ્રી અતુલા નંદજી ઓડિટોરિયમ હોલ, જે.પી. કોલેજ ખાતે યોજાયેલ સમરસ સેતુ વિદ્યા અભિયાન કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા ભરૂચ જિલ્લા પ્રભારી મંત્રી તથા રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણથી વંચિત રહેલા દરેક બાળકને ફરીથી જ્ઞાનના માર્ગે આગળ વધારવાનો આ પ્રયાસ માત્ર સરકારી કાર્યક્રમ નહીં પરંતુ સમાજના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવાનો પવિત્ર યજ્ઞ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મંત્રીશ્રીએ ભરૂચ શહેરની અંબા માતા વિદ્યાલયમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ બાદ ધોરણ- ૮ પછી અભ્યાસ છોડી દીધેલ દીકરી હિરલબેન દિનેશભાઈ મીરના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ દીકરીની માતા સાથે આત્મીય સંવાદ કરી શિક્ષણનું જીવનમાં કેટલું મહત્વ, દીકરીના ભવિષ્ય નિર્માણમાં શિક્ષણની ભૂમિકા અને અભ્યાસ ચાલુ રાખવાની આવશ્યકતા અંગે વિસ્તૃત સમજણ આપી હતી. મંત્રીશ્રીની લાગણીસભર સમજાવટ અને પ્રેરણાદાયી વાતોથી પ્રભાવિત થઈ દીકરી તથા તેમની માતાએ હકારાત્મક પ્રતિસાદ આપતા પુનઃ અભ્યાસ શરૂ કરવા સંમતિ વ્યક્ત કરી હતી. ત્યારબાદ શ્રી ડી. કે. સ્વામી, ધારાસભ્ય જંબુસર , જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ અંબા માતા વિદ્યાલયના આચાર્યશ્રી ઉપસ્થિતિમાં હિરલબેનનો શાળામાં પુનઃ પ્રવેશ કરાવી તેમને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. શિક્ષણ વિભાગ, શિક્ષકો, વાલીઓ અને સમાજના સહિયારા પ્રયાસોથી જ આવા બાળકોને ફરી શાળા સુધી પહોંચાડવાનું કાર્ય સફળ બનીશકે છે. શિક્ષણ વિભાગની સઘન મહેનતના કારણે હજારો બાળકોના જીવનમાં ફરી જ્ઞાનનો દીપ પ્રગટ્યો છે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટેની દિશા ખુલ્લી છે. મંત્રીશ્રીએ આ અભિયાન માં મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરુ પાડનાર શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા તથા રાજ્ય કક્ષાએ અભિયાનને વેગ આપનાર મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ શ્રી. ડી કે સ્વામી, ધારાસભ્ય જંબુસર, શિક્ષણ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને સમગ્ર ટીમની ક્રમગીરીને બિરદાવી હતી.

# એક કામ દેશ કે નામ સંસ્થા દ્વારા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતમાં પ્રતિષ્ઠા પુરસ્કાર સમારોહ યોજાયો

## અમદાવાદ ખાતે ૨૧મા સીમાચિહ્નરૂપ પર્યાવરણ, માનવ સંસાધન અને સી.એસ.આર એવોર્ડ તથા પરિસંવાદનું આયોજન

કમલમ્, પર્યાવરણની સુરક્ષા, માનવ સંસાધન વિકાસ અને કોર્પોરેટ સામાજિક ઉત્તરદાયિત્વ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સંસ્થાઓ તથા વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મિશન' એક કામ દેશ કે નામ અંતર્ગત '૨૧મા EXCEED Environment, HR and CSR Award & Conference 2026' નું ભવ્ય આયોજન અમદાવાદના મોટેરા ખાતે કરવામાં આવ્યું હતું. એક કામ દેશ કે નામ સંસ્થા દ્વારા આયોજીત ગૌરવપૂર્ણ સમારોહમાં ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, જીવનમાં એક નાની ઘટના પણ વ્યક્તિને પ્રેરણા આપીને આવનારી પેઢીઓના કલ્યાણનું માધ્યમ બનાવી શકે છે. તેમણે ભગવાન બુદ્ધ દ્વારા વૃદ્ધાવસ્થા અને મૃત્યુના દ્રશ્યથી પ્રેરિત થઈ માનવતાનો માર્ગ અપનાવવો, ન્યૂટન દ્વારા સફરજન પડવાની ઘટના પરથી ગુરુત્વાકર્ષણની શોધ કરવી અને વરાળની શક્તિથી રેલવે એન્જિનની શોધ જેવા ઐતિહાસિક ઉદાહરણો ટાંકીને ઉમેર્યું કે, સંવેદનશીલ વ્યક્તિ સામે બનતી નાની ઘટનાઓ સમગ્ર માનવજાતને નવી દિશા આપે છે. એક કામ દેશ કે નામ સંસ્થાના કાર્યોની પ્રશંસા કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, દિવ્યાંગ બાળકો, દ્રષ્ટિહીન બાળકો તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં શિક્ષણ અને સન્માનજનક જીવન પૂરું પાડવાનું કાર્ય પ્રશંસનીય છે. રણપ્રદેશમાં થયેલો વરસાદ જેમ પરિણામદાયી બને છે, તેમ જ જરૂરિયાતમંદો સુધી પહોંચીને કરવામાં આવેલી માનવતાની સેવા જ સાચા અર્થમાં સાર્થક છે. ભારતીય સંસ્કૃતિના મૂળ તત્વોનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, આપણી મૂડી ઋષિ-મુનિઓ અને સાધુ-સંતોની વિરાસત છે, જે આપણને સ્વાર્થથી ઉપર ઊઠીને અન્યો માટે જીવવાની પ્રેરણા આપે છે. આ સાથે મહર્ષિ દયાનંદ સરસ્વતીનો સંદેશ ટાંકતા જણાવ્યું કે વ્યક્તિ ત્યારે જ સાચા અર્થમાં માનવ કહેવાય જ્યારે તે માત્ર પોતાની જ નહીં, પરંતુ સમગ્ર સમાજની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ જુએ છે. રાજ્યપાલશ્રી એ વધુમાં ઉમેર્યું કે, વસુધૈવ કુટુમ્બકમ' એ આપણી સંસ્કૃતિનો આત્મા છે. જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયમાં દીન-દુખીઓની સેવા કરવી અને પરોપકાર કરવો તે જ જીવન સાર્થક કરે છે. રાજ્યપાલશ્રીએ ઉદ્યોગપતિઓ અને સામાજિક અગ્રણીઓને આહ્વાન કર્યું હતું કે ભૌતિકવાદી દુનિયામાં માત્ર પોતાના વિકાસ પૂરતા મર્યાદિત ન રહેતા, સમાજના વંચિત વર્ગના આંસુ લૂછવા અને સંવેદનશીલતા સાથે રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવું એ જ આપણો પરમ ધર્મ છે. રાજ્યપાલશ્રીએ સેવાભાવી અગ્રણીઓને સંબોધતા જણાવ્યું હતું કે, માણસમાત્ર પોતાના માટે જીવે તેના કરતાં માનવ કલ્યાણ અને રાષ્ટ્ર સેવાના કાર્યો કરીને લોકોના દિલમાં સ્થાન બનાવે તે જ સાચા અર્થમાં અમર થઈ જાય છે. આપણા શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે 'કીર્તિઃ યસ્ય સ જીવતિ' – જે વ્યક્તિ પોતાના સત્કાર્યોથી સમાજમાં યોગદાન આપે છે તે સદા જીવંત રહે છે. રાજ્યપાલશ્રીએ ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રપ્રેમનું આદર્શ ઉદાહરણ આપતા રામાયણના પ્રસંગનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે લંકા વિજય બાદ સોનાની લંકા હોવા છતાં ભગવાન શ્રીરામે જનની જન્મભૂમિશ્ચનો સંદેશ આપી માતૃભૂમિ પ્રત્યેના સમર્પણનો માર્ગ બતાવ્યો હતો. આજે એ જ રાષ્ટ્રપ્રેમ અને નિઃસ્વાર્થ સેવાની ભાવના સાથે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્ય તરફ દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે. આ મહાયજ્ઞમાં સમાજના દરેક વર્ગે પોતાના ક્ષેત્રમાં ઈમાનદારી અને રાષ્ટ્ર પ્રથમના ભાવથી યોગદાન આપવું જોઈએ. ધન અને સાધન સંપત્તિના સદુપયોગ અંગે વિગતવાર વાત કરતા તેમણે કહ્યું કે ધનની ત્રણ ગતિ છે, દાન, ભોગ અને નાશ. જેમાંથી પાત્ર અને જરૂરિયાતમંદ વ્યક્તિને દાન આપવું એ ધનની સર્વોત્તમ ગતિ છે. પોતાના સંસ્મરણો અને અનુભવો અંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ખેતરમાં જંતુનાશકોના છંટકાવ દરમિયાન એક શ્રમિકની બેભાન થવાની ઘટનાએ તેમના મનમાં ઊંડો વિચાર જગાડ્યો હતો. માત્ર શ્વાસમાં જવાથી જ જંતુનાશક આટલું વિપરીત પરિણામ આપી શકે, તો દરરોજ અનાજ અને શાકભાજી દ્વારા આપણા શરીરમાં જતું રસાયણ ધીમા ઝેર સમાન છે. આ ઘટના બાદ તેમણે પ્રાકૃતિક કૃષિ અપનાવી. રાજ્યપાલશ્રીએ કહ્યું કે યૂરિયા અને ડી.એ.પી.ના અતિશય વપરાશથી જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટી રહ્યો છે, જમીન બંજર બની રહી છે અને પાણી પણ પ્રદૂષિત થઈ રહ્યું છે. આજે નાની વયે કેન્સર, હૃદયરોગ અને કિડનીની તકલીફો વધવાનું મુખ્ય કારણ પાકમાં લેવાતા રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકો છે. આ પરિસ્થિતિમાંથી દેશ અને સમાજને ઉગારવા માટે ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ અને એકમાત્ર ઉકેલ છે. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સહુને અપીલ કરી હતી કે, વિદ્યાવાન વિદ્યાનું દાન કરે, સમર્થ લોકો વસ્ત્ર અને અન્નનું દાન કરે અને રાષ્ટ્ર તથા સમાજને ઊંચો લાવવાના આ મહાયજ્ઞમાં પોતાની શ્રેષ્ઠ સેવાઓ આપે.

સમાજના દરેક વર્ગ એકજૂથ થઈને દેશને સમૃદ્ધ અને આરોગ્યપ્રદ બનાવવા માટે આગળ આવવું એ જ સાચું રાષ્ટ્રકામ છે. કાર્યક્રમ દરમિયાન વિવિધ સંસ્થાઓ અને ઝઝીઈ ફંડના માધ્યમથી દિવ્યાંગ બાળકો, ગરીબ વિદ્યાર્થીઓનું શિક્ષણ, વૃક્ષારોપણ, જળ સંચય અને પર્યાવરણ સંરક્ષણ જેવા સેવાકીય પ્રકલ્પો ચલાવી રહેલા સમાજશ્રેષ્ઠીઓ તથા સેવાભાવી અગ્રણીઓની કામગીરીને રાજ્યપાલશ્રીએ બિરદાવી હતી. આ તકે પર્યાવરણ સંરક્ષણ, ગ્રીન ટેકનોલોજી, શ્રેષ્ઠ HR નીતિઓ અને ઉત્કૃષ્ટ CSR પ્રોજેક્ટ્સ માટે વિવિધ શ્રેષ્ઠ સંસ્થાઓ અને કોર્પોરેટ ગૃહોને રાજ્યપાલશ્રીના હસ્તે 'EXCEED Award 2026' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં એક કામ દેશ કે નામ સંસ્થાના અધ્યક્ષ શ્રી રાજીવ બબ્બર, મહાસચિવ ડો. પ્રણવી, ઉદ્યોગ જગતના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા

# વલસાડમાં આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સમરસ વિદ્યા સેતુ અભિયાન કાર્યક્રમ યોજાયો

**શાળામાં પુનઃ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અને તે માટે મહેનત કરનાર શિક્ષકો, વાલીઓ અને આગેવાનો સહિત ૪૩ લોકોનું સન્માન કરાયુ**

**શિક્ષકો, સરપંચો અને વાલીઓની જાગૃત્તા અને મહેનતના કારણે ચાલુ વર્ષમાં ૬૦૬૦ વિદ્યાર્થીઓએ શાળામાં પુનઃ પ્રવેશ મેળવ્યો**

**કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ફળશ્રુતિ રૂપે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ઝીરો તરફ જઈ રહ્યો છેઃ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ**

**નવા ભારતના ઘડતર માટે શિક્ષકોનું દાયિત્વ ખૂબ જ મહત્વનું છે, સરકાર પણ કોઈ કચાશ રાખતી નથી**

કમલમ્, વલસાડ

રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ''સમરસ વિદ્યા સેતુ અભિયાન'' અંતર્ગત જિલ્લા કક્ષાનો વિશેષ કાર્યક્રમ વલસાડના મોરારજી દેસાઈ ઓડિટોરીયમ ખાતે યોજાયો હતો. જેમાં શાળામાં પુનઃ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, બાળકોને શિક્ષણ તરફ વાળનાર શિક્ષકો, સરપંચ, બી.આર.સી., સી.આર.સી., અને બી.આર.પી. અને વાલીઓ મળી કુલ ૪૩ લોકોનું મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તે પહેલા ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ મોટા પ્રમાણમાં હતો, જેમાં દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો તો ઘણો મોટો હતો. તે સમયે નરેન્દ્રભાઈએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી અને દીકરો હોય કે, દીકરી તમામને આંગળી પકડી શાળા તરફ હર્ષોલ્લાસભેર દોરી જવામાં આવે છે. જેના ફળસ્વરૂપે હવે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ઝીરો તરફ જઈ રહ્યો છે. પહેલાના સમયમાં શાળામાં એક નળિયુ બદલવા માટે પણ ફાંફા મારવા પડતા હતા પરંતુ હવે રાજ્ય સરકાર શિક્ષણ માટે કોઈપણ કચાશ રાખતી નથી. તાજેતરમાં જ નાનાપોંઢાના બાલચોંડી ખાતે રૂ. બે કરોડ ૪૩ લાખના ખર્ચે અદ્યતન નવા મકાનનું નિર્માણ કર્યુ છે. આ સિવાય હાઈલી એજ્યુકેટેડ શિક્ષકોની કોઈપણ લાગવગ કે એક પણ રૂપિયો આપ્યા વિના પારદર્શક રીતે શાળામાં ભરતી થઈ રહી છે. આ બધા આમૂલ પરિવર્તનના કારણે હવે સરકારી શાળા પણ ખાનગી શાળાઓને ટક્કર મારી રહી છે. મને જણાવતા આનંદ થાય છે કે, આપણા શિક્ષકો, સરપંચો અને વાલીઓની જાગૃત્તા અને મહેનતના કારણે ચાલુ વર્ષમાં ૬૦૬૦ વિદ્યાર્થીઓએ શાળામાં પુનઃ પ્રવેશ મેળવ્યો છે. જે બદલ સૌ અભિનંદનને પાત્ર છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આપણા જિલ્લામાં ઉદ્યોગ, ધંધા અને રોજગારની અનેક તકો હોવાથી લોકો સ્થળાંતર કરતા નથી પરંતુ અન્ય રાજ્યો કે જિલ્લામાંથી લોકો અહી આવી રહ્યા છે. ત્યારે આપણા જિલ્લાનું એક પણ બાળક શિક્ષણથી વંચિત રહી જાય તે ચલાવી લેવાશે નહી. શિક્ષણનું કેટલુ બધુ મહત્વ છે તે આપણને બધાને ખબર જ છે. શિક્ષકોએ બાળકોને પૂરતો સમય આપવાનો હોય છે. કોઈપણ રીતે સમયસર શાળામાં પહોંચી જવુ જોઈએ. નવા ભારતના ઘડતર માટે શિક્ષકોનું દાયિત્વ ખૂબ જ મહત્વનું છે. મહિનામાં એક વાર વાલીઓને બોલાવી તેમની સાથે મીટિંગ કરો, બાળકના અભ્યાસ અંગે વાત કરો તો વાલીઓ સાથે પણ આત્મીયતા કેળવાશે. તાજેતરમાં આવેલા પુરનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ કહ્યું કે, વિદ્યાર્થીઓના પુસ્તકો પલળી જતા નાશ પામ્યા હતા, જેથી મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી દ્વારા ત્વરિત નવા પાઠ્ય પુસ્તકો બાળકો સુધી પહોંચાડાયા છે. પુરના કારણે સ્કૂલોમાં કમ્પ્યુટર બગડી ગયા તો વીમા કંપનીઓને સૂચના આપી છે. આમ, સરકાર શિક્ષણ માટે કોઈ કચાશ રાખતી નથી. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન જે.પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શિક્ષકો, વાલીઓ અને સરપંચ સહિત ગામના આગેવાનો ખૂબ મહેનત કરી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે. સાથે જ વિદ્યાર્થીઓ પણ અભિનંદનને પાત્ર છે જેઓ વિદ્યા દાન મેળવી રહ્યા છે. શિક્ષણ માટેની અમૂલ્ય તક બધાને નથી મળતી જેથી મન લગાવી ભણજો અને ઉજ્જ્વળ કારકિર્દી બનાવો એવી શુભેચ્છા પાઠવુ છું. નવી શિક્ષણ નીતિનો ઉલ્લેખ કરી પ્રમુખશ્રીએ વધુમાં કહ્યું કે, બાળક ગર્ભમાં હોય ત્યારથી જ સરકાર ચિંતિત થઈ સેવા કરી રહી છે. જેમાં પણ નવી શિક્ષણ નીતિથી ઘણો બદલાવ આવ્યો છે. હવે નોકરી કરવી જ એકમાત્ર વિકલ્પ નથી પરંતુ સ્કિલ દ્વારા ધંધામાં પણ સારી આવક મેળવી શકાય છે. નવી પોલીસીમાં વોકેશનલ ટ્રેનિંગ કોર્સની શરૂઆત કરી છે. આ સિવાય હવે એક સાથે બે ડિગ્રી પણ મેળવી શકાય છે. કાર્યક્રમમાં વલસાડ, ધરમપુર અને કપરાડાના ધારાસભ્ય સર્વશ્રી ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, ધરમપુર, પારડી અને નાનાપોંઢાના તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી શકુંતલાબેન ચૌધરી, કિન્નરીબેન પટેલ અને મનિષાબેન પટેલ, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી મણીલાલ ગાંવિત, જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રવચન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડી.બી.વસાવાએ કર્યુ હતું, જ્યારે આભારવિધિ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો.રાજેશ્રી એલ.ટંડેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી તારેશ સોનીએ કર્યુ હતુ.

# ભાવનગરમાં ભેળસેળયુકત ઝેરી દારૂના અસરગ્રસ્તોની પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ સર.ટી. હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી

**દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે અને તબીબી સેવાઓમાં કોઈ કચાશ ન રહે તે માટે મંત્રીશ્રીએ તબીબી અધિકારીઓને આપ્યા જરૂરી નિર્દેશો**

કમલમ્, ભાવનગર

ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી દારૂની ગંભીર ઘટનાને પગલે પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ આજે સર.ટી. હોસ્પિટલની મુલાકાત લઈ સારવાર હેઠળ રહેલા અસરગ્રસ્ત દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા. મંત્રીશ્રીએ દર્દીઓની રૂબરૂ મુલાકાત કરી તેમની તબિયત અંગે જાણકારી મેળવી હતી તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર અને આરોગ્યલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ અસરગ્રસ્ત દર્દીઓ સાથે વાતચીત કરી તેમની આરોગ્યલક્ષી સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. તેમજ દર્દીઓને આપવામાં આવી રહેલી તબીબી સારવાર, દવાઓ તથા અન્ય જરૂરી આરોગ્ય સેવાઓ અંગે તબીબી અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. સર.ટી. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ કેરવી દેસાઈ સાથે મંત્રીશ્રીએ સારવારની સમગ્ર વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અસરગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ અને સમયસર સારવાર મળી રહે, સારવારમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તથા જરૂરી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે મંત્રીશ્રીએ તબીબી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. મંત્રીશ્રીએ હોસ્પિટલ તંત્રને અસરગ્રસ્તોની સારવારને પ્રાથમિકતા આપી તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા પણ જણાવ્યું હતું. આ મુલાકાત વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ લાધવા, ધારાસભ્યશ્રી ગૌતમભાઈ ચૌહાણ અને શ્રીમતી સેજલબેન પંડ્યા, ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી આર.બી. અસારી, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મનીષકુમાર બંસલ, પોલીસ અધિક્ષક ડૉ. નિતેષ પાંડેય, અગ્રણી કુમારભાઈ શાહ અને દિગ્વિજયસિંહ ગોહિલ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગરની દુ:ખદ ઘટનામાં રાજય સરકારની સંવેદનશીલતા સાથે કડક કાર્યવાહી : પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી

**ભાવનગર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી ભેળસેળયુક્ત દારૂની સમગ્ર ઘટનાક્રમ અંગે મંત્રીશ્રીએ વિગતો આપી**

**આ ઘટનાની પ્રાથમિક તપાસમાં જે બેદરકારી સામે આવી છે તેના પગલે બે પોલીસ ઇન્સ્પેક્ટર સહિત કુલ સાત પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા**

**ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ તપાસ રાજ્ય સરકારે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ને સોંપી**

કમલમ્, ભાવનગર

ભાવનગર જિલ્લામાં ભેળસેળયુક્ત દારૂની બનેલી દુ:ખદ ઘટનામાં આઠ લોકોના મૃત્યુ અંગે રાજ્ય સરકાર વતી ઊંડા દુઃખ અને સંવેદના વ્યક્ત કરતાં પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ મુશ્કેલ ઘડીમાં રાજ્ય સરકાર મૃતકોના પરિવારજનો સાથે સંપૂર્ણ સંવેદનાથી ઊભી છે. સમગ્ર ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ઘટનાની જાણ થતાં જ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની સૂચનાથી પોલીસ વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. અસરગ્રસ્ત લોકોને શોધી કાઢી હોસ્પિટલમાં ખસેડવા, મેડિકલ તપાસ કરાવવા અને જરૂરી સારવાર ઉપલબ્ધ કરાવવા પોલીસ તથા વહીવટી તંત્ર દ્વારા ઝડપી કામગીરી કરવામાં આવી હતી. હાલમાં ૧૯ લોકો સારવાર હેઠળ છે, જ્યારે ૧૬ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે. પોલીસ દ્વારા આશરે ૨૯ લોકોને શોધી કાઢી તેમની મેડિકલ તપાસ અને જરૂરી સારવાર કરાવવામાં આવી છે. ૨૧ આરોપીઓ સામે ગુના નોંધાયા છે, જેમાંથી ૧૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની તપાસના આધારે આરોપીઓના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. મુખ્ય સૂત્રધાર સહિતના આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે અને કેટલાક આરોપીઓ સામે અન્ય ગુનાઓ પણ નોંધાયા હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લીધી છે અને તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ને સોંપી છે. આ ઘટનાના તાર અન્ય રાજ્ય સુધી પહોંચતા હોય તો ત્યાં પણ જઈને તપાસ અને કાર્યવાહી કરવાની સંપૂર્ણ છૂટ તપાસ એજન્સીઓને આપવામાં આવી છે. ઘટનાની પ્રાથમિક તપાસમાં જે બેદરકારી સામે આવી છે તેના પગલે બે પોલીસ ઈન્સ્પેક્ટર સહિત કુલ સાત પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જવાબદારી નક્કી કરવામાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં અને તપાસના અંતે જે કોઈની સંડોવણી અથવા બેદરકારી બહાર આવશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા માનવતાપૂર્ણ અભિગમ સાથે કામગીરી કરવામાં આવી છે. જેમને કોઈ શંકાસ્પદ પદાર્થ મળ્યો હોય અથવા ભેળસેળયુક્ત દારૂનું સેવન કર્યું હોવાની સંભાવના હોય તેવા લોકોને પણ શોધી કાઢી તેમની તબીબી તપાસ કરાવવામાં આવી છે. કેટલાક સ્થળોએ રહેલા પદાર્થોને પણ પોલીસ દ્વારા ઝડપી કાર્યવાહી કરીને દૂર કરવામાં આવ્યા છે. આ સમગ્ર ઘટનાને દુઃખદ અને અત્યંત ગંભીર ગણાવતા પ્રવક્તા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર માટે એક-એક માનવજીવન અમૂલ્ય છે.

ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને જવાબદાર વ્યક્તિ, તેને મદદ કરનાર કે કોઈપણ સ્તરે સંડોવાયેલા વ્યક્તિ સામે કાયદા મુજબ અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, સિવિલ હોસ્પિટલ સહિત સંબંધિત તમામ વિભાગોના અધિકારીઓ સાથે કરવામાં આવેલી ચર્ચાઓ અંગે પણ માહિતી આપી હતી. રાજ્ય સરકાર સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને આગળની તપાસ તથા કાર્યવાહી ત્વરિત અને પારદર્શક રીતે કરવામાં આવશે.

**ભેળસેળયુક્ત ઝેરી દારૂની ગંભીર ઘટનાને પગલે**

# પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાવનગર ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી

**દોષિતો સામે કડક કાર્યવાહી અને અસરગ્રસ્તોને યોગ્ય સારવાર માટે મંત્રીશ્રીએ આપ્યા સ્પષ્ટ નિર્દેશ**

કમલમ્, ભાવનગર

ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી દારૂના સેવનથી સર્જાયેલી ગંભીર ઘટનાને પગલે કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ આજે એસ.પી. કચેરી ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ અસરગ્રસ્તોની આરોગ્યસ્થિતિ, સારવારની વ્યવસ્થા, મૃત્યુ પામેલા તથા સારવાર બાદ રજા અપાયેલા વ્યક્તિઓની વિગતો તેમજ પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. અસરગ્રસ્તોને કોઈપણ વિલંબ વિના યોગ્ય તબીબી સારવાર મળે અને દર્દીઓની સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવે તે માટે તેમણે આરોગ્ય તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. ગેરકાયદેસર દારૂના કારોબારમાં સંડોવાયેલા કોઈપણ તત્વને બક્ષવામાં ન આવે તેમજ સમગ્ર પ્રકરણના મૂળ સુધી પહોંચી સંકળાયેલા તમામ લોકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે માટે મંત્રીશ્રીએ પોલીસ તંત્રને ભારપૂર્વક નિર્દેશ આપ્યો હતો. ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી આર.બી.અસારીએ આ ઘટના બાદ હાથ ધરાયેલી પોલીસ કાર્યવાહી તથા તપાસની પ્રગતિ અંગેની વિગતો મંત્રીશ્રી સમક્ષ રજૂ કરી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. નિતેષ પાંડેયે જણાવ્યું હતું કે, તપાસ માટે ૧૬ જેટલી અલગ-અલગ ટીમો કાર્યરત છે અને અત્યાર સુધીમાં ૧૩ આરોપીઓને ઝડપી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનામાં ૮ લોકોના મૃત્યુ થયા છે, ૧૯ અસરગ્રસ્તો સારવાર હેઠળ છે અને ૧૬ વ્યક્તિઓને સારવાર બાદ રજા આપવામાં આવી છે. ફરજમાં બેદરકારી બદલ ૫ કર્મચારીઓ તથા ૨ પોલીસ ઈન્સ્પેક્ટર સહિત કુલ ૭ અધિકારી-કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ બેઠકમાં મેયર શ્રીમતી ઉષાબેન તલરેજા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ લાધવા, ધારાસભ્યશ્રી ગૌતમભાઈ ચૌહાણ તથા શ્રીમતી સેજલબેન પંડ્યા, જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ બંસલ સહિત પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028